શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

RNI NO. 6304 / 62




# પંચોલી નવયુગ



ઓક્ટોબર – ૨૦૧૪
અંક – ૧૦ વર્ષ : ૫૩
સળંગઅંક : ૪૧૨
માસિક કિંમત – ૧૦/-
વાર્ષિક લવાજમ – ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# શ્રદ્ધાંજલી



## સ્વ. સુમનલાલ અંબેલાલ પંચોલી

જન્મ તા. ૧૫.૦૭.૧૯૫૦ સ્વ. તા. ૧૫.૦૯.૨૦૧૪

દુનિયાની દરેક સમૃદ્ધિ મળે, પણ કલ્પવૃક્ષ સમી આપની છાયા કયાંય નહી મળે.
આપની લાંબી જીવનયાત્રા, સંભારણાં તેમજ વાત્સલ્યભરી સ્મૃતિ સદાય જીવંત રહેશે.
તમારા આર્શીવાદ અમોને સદાય સદ્‌માર્ગે દોરશે...એજ પ્રાર્થના

## અર્પણકર્તા

ગં.સ્વ. નિરૂપાબેન સુમનલાલ પંચોલી
દર્શનકુમાર ઉપેન્દ્રભાઇ સોની
દર્શના દર્શનકુમાર સોની
Boston-USA

નવિનચંદ્ર અંબેલાલ પંચોલી
ઇન્દિરાબેન નવિનચંદ્ર પંચોલી
અવનીશ નવિનચંદ્ર પંચોલી
કાજલ અવનીશ પંચોલી
ચિ. માલવ અવનીશ પંચોલી
કલ્પેશ નવિનચંદ્ર પંચોલી
અલ્પેશકુમાર ચંદ્રકાંત મિસ્ત્રી
સોનલ અલ્પેશકુમાર મિસ્ત્રી
ચિ. સમીર અલ્પેશકુમાર મિસ્ત્રી



ભૂપેન્દ્રકુમાર અંબેલાલ પંચોલી
અ.સૌ ગીતાબેન ભૂપેન્દ્રકુમાર પંચોલી
હિકેશકુમાર ભુપેન્દ્રકુમાર પંચોલી
અ.સૌ. મેઘાબેન હિકેશકુમાર પંચોલી
ચિ. નિવ હિકેશકુમાર પંચોલી
હિરેન ભુપેન્દ્રકુમાર પંચોલી
ગૌરવ ભુપેન્દ્રકુમાર પંચોલી

સુરેશભાઇ અંબેલાલ પંચોલી
અ.સૌ ઉષાબેન સુરેશકુમાર પંચોલી
ભૂમિત સુરેશભાઇ પંચોલી
ખુશ્બુ અનુપકુમાર પંચાલ
અનુપકુમાર ચંપકલાલ પંચાલ
દેવ અનુપકુમાર પંચાલ

શિરીષચંદ્ર ઇશ્વરલાલ ગજ્જર-સુરત
ગીતાબેન શિરીષચંદ્ર ગજ્જર
હેમાક્ષી ડેનિશકુમાર મોદી
ડેનીશકુમાર અશોકભાઇ મોદી

રામજીમંદિર પાસે, કાનપુરા, વ્યારા. જિ. તાપી.૩૯૪ ૬૫૦

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**ઓકટોબર-૨૦૧૪**

# પંચોલી નવયુગ

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફકત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત – ૧૦/-**

**વાર્ષિક લવાજમ – ૧૦૦/-**

# તંત્રી નોંધ.......

સુજ્ઞ જ્ઞાતિજનો,

નવલી નોરતાની રાત અને દશેરાનો શુભ તહેવાર.... એટલે આસુરી શકિત પર દૈવી શકિતનો વિજય.. આપણે પણ આ ધાર્મિક ઉત્સવમાં યથાશકિત ભકિત વંદના કરીએ... અને આપણામાં રહેલ આસુરી ગુણો જેવા કે મદ્, મસ્તર, માન અભિમાન, રાગ-દ્વેષ અહંકાર અને એકબીજા સાથેના વેરઝેર જેવી આસુરી વૃત્તિઓનો નાસ કરી રાવણદહન કરીએ... એવી જગતજનની આદ્યશકિત મા અંબાના ચરણોમાં પ્રાર્થના...

નવયુગ વિના મૂલ્યે દર મહિને આપણે ત્યાં આવે છે... નવયુગ ન મળે તો ફોન કરવાનું પણ ચુકતા નથી... પરંતુ બે મહિનાથી નવયુગમાં પ્રકાશિત કરવામાં આવતું દિવાળી જાહેરાતના ફોર્મ પર હજુ સુધી જ્ઞાતિજનોની નજર ગઈ નથી લાગતી... કારણ જાહેરાતનો પ્રવાહ નહિવત જેવો છે... અત્યારે દિપોત્સવી અંકનું છાપકામ શરૂ થઈ જાય ત્યારે આ વર્ષે જાહેરાતો જ નથી આવી.... શું આપણી ફરજ નથી ? નવયુગને પગરભર કરવાનો દિવાળીનો જ અવસર છે જેનાથી નવયુગ માટે કલેકશન કરી શકીએ...

કહેવાય છે કે દાન કરવાથી હૈયામાં આનંદના ફુવારા ઉડે છે... કહેવત છે કે 'કોઈનો પાડ ન રાખે ગિરધારી, આપે વ્યાજ સહિત વનમાળી..' આપણે આપીશું એનો બદલો આપણને જરૂર જરૂરથી મળવાનો જ છે... ભગવાન એ આપવાનો જ છે... તો આપણે મનભરીને, દીલ ખોલીને નવયુગમાં જાહેરાત આપીએ... નવયુગને આર્થિક રીતે સહાયરૂપ બનીએ...

મહામંડળના હોદ્દેદારો... કારોબારી સભ્યો, દરેક એકમના પ્રમુખ/મંત્રી તથા તેમની કારોબારીના સભ્યો, દરેક મહિલા મંડળના પ્રમુખ/મંત્રીઓ પોતાની જાહેરાત તો આપે જ પણ બીજા જ્ઞાતિજનોનો સંપર્ક કરી એમની પણ જાહેરાત એકત્ર કરી બને એટલી જલ્દી મોકલશો.... એવી આશા રાખું છું... રાખુ છું.

શ્રી પંચોલી સેવા સમાજ, સુરત તરફથી સુવર્ણ જયતિ અધિવેશન નિમિત્તે... વેબ સાઈટને રૂા. ૩૧,૦૦૦/- તથા પંચોલી નવયુગને રૂા. ૧૧,૦૦૦/-નું માતબર દાન મળ્યું છે.... પ્રમુખશ્રી ગિરીશચંદ્ર તથા તેમની ટીમના આભારી છીએ... વખતો વખત આવી જ રીતે દાનનો પ્રવાહ વહેતો રાખશો એવી આશા અસ્થાને નથી....

ચાલો તો હવે મળીશું દિપોત્સવીનો રંગબેરંગી કલરફુલ દળદાર અંક સાથે....પણ જો તમે દિલથી જાહેરાત મોકલશો તો !!! અસ્તુ.....

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

# પ્રમુખ નોંધ .....

મનિષભાઇ એમ પંચોલી
પ્રમુખ શ્રી પં.સૈ.સ. મહામંડળ

પ્રમુખ નોંધ....

સુજ્ઞ જ્ઞાતિજનો,

મારા નમસ્કાર,

દિવાળીનો તહેવાર નજદીક આવી રહયો છે. માં દુર્ગાની આરાધના કરવા સૌ આતુર છે. નવલી નવરાત્રી બાદ દિવાળીનાં ઉત્સવને માણવા માટે તૈયારી કરી રહયા છીએ. સૌ જ્ઞાતિજનોને વિનંતી કે આ વર્ષે આપણે સૌ મોટા પ્રમાણમાં બને તો દરેકે દરેક જ્ઞાતિજનો નવયુગને દિવાળી પ્રસંગેની જાહેરાત આપે. દરેક એકમનાં મિત્રોને વિનંતી કે આપના એકમ માંથી દરેકની જાહેરાત સત્વરે મળે તેવું આયોજન હાથ ધરશો. આપના સૌનાં સહકારથી આપણે નવયુગનો અવિરત પણે લાભ લઇ રહયા છે નવયુગ આજે સમાજનું દર્પણ બન્યુ છે. દરેક એકમની માહિતી સમયસર આપણને ઘર બેઠા મોકલી રહયું છું. નવયુગ વેબ સાઇટ પર પણ ઉપલબ્ધ બન્યુ છે. આશા રાખુ છું કે, સૌ જ્ઞાતિજનો મોટા પ્રમાણમાં દિવાળી પ્રસંગે જાહેરાત આપી સમાજનાં નવયુગનું ઋણ અવશ્ય ચુકવશો.

આગામી ડિસેમ્બર-૧૪ ના માસમાં વ્યારા મુકામે મહિલા અધિવેશન રાખવામા આવેલ છે જેમાં દરેક એકમો ના મહિલા મંડળના સભ્યો સહિતની તમામ મહિલાઓ ભાગ લઇ શકશે. દરેક મહિલા મંડળની મહિલા સભ્યો ને વિનંતી કે તમારા એકમ માંથી વધુને વધુ બહેનો ભાગ લે તેવું આયોજન હાથ ધરશો.

ગત સામાન્ય સભા નવસારી મુકામે મળી, નવસારી મુકામે ''સ્વર્ણિમ ફંડ'' માં ઉદાર હાથે જ્ઞાતિજનો તરફથી સહકાર પ્રાપ્ત થયો સૌ દાતાઓનો હાર્દિક આભાર માનું છું. સુરત મુકામે મળેલ અધિવેશન માંથી સુરત એકમ તરફથી વેબ સાઇટને રૂા. ૩૧,૦૦૦/- તથા નવયુગ ને રૂા. ૧૧,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયું છે. સુરત ટીમનો હાર્દિક આભાર માનુ છું.

સ્વર્ણિમ ફંડમાં હજી વધુ પ્રમાણમાં દાન પ્રાપ્ત થાય તે માટે દરેક એકમનાં હોદ્દેદારોનો સહયોગ પ્રાપ્ત થાય અને એકમનાં સભ્યોને આ યોજનામાં દાન આપવા પ્રોત્સાહીત કરશો એવી વિનંતી કરૂ છું. મિત્રો, આપ સૌનાં સહયોગ થી આ સામાજિક જ્યોત ને વધુ પ્રજવલિત કરી શકીશું. સ્વર્ણિમ ફંડમાં જે દાતાઓએ ફાળો નોંધાવેલ છે જે ફાળાની રકમ સત્વરે 'પંચોલી સેવા સમાજ મહામંડળ' ના નામ થી બેંક ઓફ બરોડા , વ્યારા શાખાના સેવિંગ્સ એકાઉન્ટ નં. P02690100010065 IFC CODE. BARBO VYARAX માં જમા કરાવશો જેથી આપના દાનની રકમ ચાલુ વર્ષથી જરૂરિયાતમંદ જ્ઞાતિજનો સુધી પહોંચતી કરી શકીયે. સમાજનાં નવયુવાન મિત્રોને ખાસ વિનંતી કે આપ મોટી સંખ્યામાં આ ફંડમાં સહકાર આપી આપણા સમાજનાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે મદદરૂપ થઇએ, આર્થિક રીતે નબળાં જ્ઞાતિજનોને મેડીકલમાં તથા વિધવા બહેનોને મદદરૂપ થવા આગળ આવીએ.

પાલ વિભાગનાં કાર્યકરો ચિંતન કરી સૌ ભેગા મળી અધિવેશનનું પ્લાનીંગ કરે એવી આશા વ્યકત કરૂ છું. મોટા એકમો નવયુવાન મિત્રો માટે ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરે એવી આશા વ્યકત કરૂ છું.

અસ્તુ.

## આભારી છીએ.....

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સુવર્ણ જયંતિ અધિવેશન તથા શ્રી પંચોલી સેવા સમાજ સુરત સુવર્ણ મહોત્સવ નિમિત્તે શ્રી પંચોલી સેવા સમાજ સુરત તરફથી **રૂા. ૩૧,૦૦૦/-**નું માતબર દાન **વેબ સાઇટને** તથા રૂા. **૧૧,૦૦૦/-**નું માતબર દાન **પંચોલી નવયુગને** મળ્યુ છે... શ્રી ગિરીશચંદ્ર આઇ. ગજ્જર તેમની ટીમના.......

મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
હેમંતભાઇ સી. મિસ્ત્રી-વેબસાઇટ અધ્યક્ષ
દિનેશભાઇ એમ મિસ્ત્રી-તંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સત્‌કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી



## સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી

**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨-આફ્રિકા-નૈરોબી દેહવિલય : ૧૭.૧૨.૨૦૧૩**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્‌ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઇ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી
શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રી યોગેશભાઇ હરકિશનદાસ પંચોલી
શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

ગં.સ્વ. કુસુમબેન પરસોત્તમભાઇ પંચોલી
શ્રી જનકભાઇ પી. પંચોલી અને ફેમીલી
શ્રી વિરેનભાઇ પી. પંચોલી અને ફેમીલી
શ્રીમતિ માલતીબેન બિપીનભાઇ રૂવાલા

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)

# મારી વ્હાલી મમ્મીને શ્રદ્ધાંજલી



મારી વ્હાલી મમ્મી લલીતાબેન છગનલાલ મિસ્ત્રી. તા. ૧૧.૯.૨૦૧૪ના રોજ અવસાન પામી. મારા પપ્પાજી શ્રી. સી.ટી. મિસ્ત્રી -સમાજપિતા. અવસાન પામ્યા(૩૮ વર્ષ પહેલાં) ત્યારે મારો ભાઈ શૈલેષ ૧૯ વર્ષનો, હું પલ્લવી ૧૮ વર્ષની, નાનો ભાઈ હેમંત ૧૫ વર્ષનો અને નાની બહેન અંજના ૧૩ વર્ષની. અમને ચારે ભાઈ-બહેનોને મોટા કરવાનું, ભણાવવાનું અને પરણાવવાનું ભગીરથ કાર્ય મમ્મીએ એકલા હાથે અને સારી રીતે કર્યુ. અમને સંસ્કારો અને જીવન મૂલ્યોથી સભર કર્યા.. આજે મમ્મીના આશીર્વાદથી અમે ચારે ભાઈ-બહેનો અને અમારા સૌના સંતાનો પણ સંસારમાં સુખી છીએ.. મારી નાની બેન અંજુ હવે આ દુનિયામાં નથી પણ એના સ્થાને આવેલા હેમાબેન અમારા કુટુંબમાં એવા હળી મળી ગયા છે, જાણે દૂધમાં સાકર, બનેવી જયેશભાઈની સાથે તેઓ પણ કુટુંબના સારા નરસા પ્રસંગોએ અમારી પડખે રહ્યા છીએ..

'જેનો જન્મ એનું મૃત્યુ નિશ્ચત છે' એ હકીકત જાણતા હોવા છતા પહેલા પપ્પાજી, પછી અંજુ અને પછી મમ્મીને ગુમાવ્યાનું દુઃખ છે. એની છેલ્લી ઘડીએ એની પાસે ન હોવાનો અફસોસ છે. અત્યારે યાદ આવે છે મમ્મીના બે વળગણ. એક ઘડિયાળ અને બીજી નાની ભાભી ભારતી. બંને વગર એને જરાય ન ચાલે.

કાને ઓછું સંભળાય એટલે વાતચીતની તકલીફ, આંખે ઓછું દેખાય એટલે વાંચવાની તકલીફ, મમ્મી મને કહેતી 'પલ્લવી ભગવાનને પ્રાર્થના કર કે મને હવે બોલાવી લે' દર રવિવારે મમ્મી સાથે હું ફોન પર અચૂક વાત કરતી, ભગવાનનો આભાર માનું છું કે એણે મમ્મીના આત્માને દેહમાંથી પીડારહિત મુકત કર્યો. એના જવાથી વાત્સલ્સભર વ્યકિતની ખોટ અનુભવું છું. અંત સમયે જે એના ચહેરા પર સ્વચ્છતા હતી, તે ચહેરો હંમેશા સ્મૃતિમાં સચવાયેલો રહેશે....

તું જીવે છે અમારા દેહમાં વાત્સલ્ય, કરુણા અને જીવન મૂલ્યો રૂપે
તને અંતરમનથી કરુ છું કોટી કોટી પ્રણામ મારી વ્હાલી મમ્મી

**અર્પણકર્તા : પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી-અમદાવાદ**



**ગૌરવ રાજેન્દ્રભાઈ નગીનભાઈ પંચોલી**
BE(EC) Electronics & ME.(USA)

# Shaadi.com

નામ : ગૌરવ
પિતા : રાજેન્દ્રભાઇ નગીનભાઇ પંચોલી
માતા : સ્મિતાબેન
જન્મ તા. : ૦૫-૦૧-૧૯૮૭ સ્થળ : જબુગામ
સમય : સવારે ૬ : ૧૫ કલાકે
ઉંચાઇ : ૫' ૭''
અભ્યાસ : BE(EC) Electronics & ME.(USA)
સર્વિસ : આસિ. ચીફ ડિઝાઇનર-સાનડિએગો Job in USA
સરનામુ : સી-૨૯૬, શ્રદ્ધાપાર્ક સોસાયટી,
પરાગરજ સોસાયટી પાછળ, હરણી-વરાસીયા રોડ,
વડોદરા - ૩૯૦ ૦૦૬
જન્માક્ષર : માનતા નથી
મંગળ/શનિ : મંગળ
ભાઇ-બહેન : ૧ ભાઇ

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સામાન્ય સભા-૨૦૧૪

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૪.૦૮.૨૦૧૪ના રવિવારે સવારે ૯.૩૦ કલાકે નવસારી મુકામે શ્રી નવસારી મોઢ ઘાંચી સમસ્ત પંચની વાડીમાં મળી જેમા નવસારી-૩૭, વ્યારા-૧૮, રાજપીપલા-ર, સુરત-૨૯, ગણદેવી-૨, બીલીમોરા-૩, અંકલેશ્વર-૧૧, વાપી-૨, મુંબઇ-૮, વડોદરા-૧૦, અજરાઇ-૩, બારડોલી-૨ એકમના સભ્યોએ હાજરી આપી હતી.

સભાની શરૂઆત ઉર્વિબેન, હિરલબેન દ્વારા મંગળમય પ્રાર્થનાથી કરવામાં આવી. નવસારી એકમની નાની બાળાઓએ જ્ઞાતિજનોને સ્વાગત ગીતથી આવકાર્યા. સમારંભના અધ્યક્ષશ્રી શાંતિલાલ એમ. મિસ્ત્રી તથા મંચસ્થ મહામંડળના હોદ્દેદારોનું પુષ્પગુચ્છથી સ્વાગત નવસારી એકમના સભ્યો દ્વારા કરવામાં આવ્યું. મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું. સમારંભના અધ્યક્ષ શ્રી શાંતિભાઇ એમ મિસ્ત્રી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું. નવસારી એકમના પ્રમુખશ્રી પ્રણવભાઇ પંચોલીએ સૌ જ્ઞાતિજનોને આવકાર્યા. મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ એમ. પંચોલીએ પોતાના ઉદ્‌બોધનમાં દરેક એકમને સક્રિય થઇ મહામંડળના કાર્યોમાં સહકાર આપવાનું આહ્‌વાન કર્યું. સભ્યોની પાંખી હાજરી માટે ખેદ વ્યકત કર્યો. વધુમાં વધુ જ્ઞાતિજનો આગળ આવી મહામંડળના વિવિધ વિભાગોમાં દાન આપવા અંગે અપીલ કરી હતી.

એજન્ડા : ૧ દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવા બાબત...

વર્ષ દરમ્યાન દેવલોક પામેલા જ્ઞાતિજનોના આત્માની શાંતિ અર્થે સભાએ બે મિનિટનું મૌન પાડી દિવંગત આત્માઓ ને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

એજન્ડા : ૨ - ગત ૨૧.૭.૧૩ના રોજ ઉનાઇ મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધને વાંચનમાં લઇ બહાલી આપવા બાબત.

મહામંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ જે. પંચોલીએ ગત તા. ૨૧.૭.૧૩ના રોજની ઉનાઇ મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કરવા સહમંત્રીશ્રી દેવાંગભાઇ પી. પંચોલીને જણાવતા તેનું વાંચન સભા સમક્ષ કરવામાં આવ્યું. જે બરાબર હોય સભાએ સર્વાનુમતે મંજુરી આપી.

એજન્ડા : ૩ - મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાઓના વર્ષ ૨૦૧૩-૧૪ના ઓડિટ થયેલ વાર્ષિક હિસાબો મંજુર કરવા બાબત

મહામંત્રીશ્રી ચંદ્રકાંત જે. પંચોલીએ વાર્ષિક નિવેદન સભા સમક્ષ કર્યુ. મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાઓના ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો અગાઉથી એજન્ડા સાથે દરેક એકમના હોદેદારશ્રીઓએ અહેવાલ તથા વાર્ષિક હિસાબોનો અભ્યાસ કર્યો હશે એમ જણાવ્યું. મહામંડળ સંલગ્ન વિવિધ વિભાગો દ્વારા તેના અધ્યક્ષશ્રી/મંત્રીશ્રી/તંત્રી દ્વારા હિસાબોની વિગતે છણાવટ કરવામાં આવી. સભામાંથી આવેલા પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા. જે બરાબર જણાતા સદર અહેવાલ તથા હિસાબોને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા : ૪ - 'સ્વર્ણિમ ફંડ'ની રચના કરવા બાબત.

પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલી દ્વારા 'સ્વર્ણિમ ફંડ' ની રચના અંગે તથા તેના અમલ અંગે વિગતે માહિતી આપી. આ ફંડમાં દરેક એકમમાંથી વધુને વધુ જ્ઞાતિજનો દાનનો પ્રવાહ વહાવે તેવી અપીલ કરવામાં આવી. તેના પ્રતિસાદ રૂપે ડો. મહેશભાઇ મિસ્ત્રી, શ્રી ભરતભાઇ પંચોલી તથા હોદ્દેદારો દ્વારા છણાવટ થતાં આ યોજનાને સકારાત્મક અભિગમ મળ્યો અને આ યોજનાને સર્વાનુંમતે બહાલ રાખવામાં આવી. મિટિંગ દરમ્યાન સ્થળ પર દાનની અપીલ કરતા ૭ લાખથી વધુ રકમનો દાનનો પ્રવાહ સદર ફંડ ખાતે મળેલ છે. પ્રમુખશ્રી મનિષભાઇએ સર્વે દાતાઓનો આભાર માન્યો.

એજન્ડા : ૫ - પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે..બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

મુંબઇ એકમ તરફથી રજુઆત અગાઉ જે તે દાન/ફડની રકમ સામે વર્ષની નોંધ કરવી.

સી. ટી.સ્મારક નિધિમાં જે તે એકમમાંથી દાન આવે છે તેનો મંત્રીશ્રી જતીનભાઇએ આભાર માન્યો. સાથે સાથે વધુમાં વધુ દાન આવે તેની અપીલ કરી. મહામંડળના

ઉપપ્રમુખશ્રીએ રજુઆત કરી કે સી. ટી. સ્મારક નિધિના દાનને અલગથી દર્શાવવામાં આવે.

મુંબઇ એકમ તરફથી રજુઆત કરવામાં આવી કે જે તે એકમને જે પ્રમાણે સહાય કરેલ છે તેની પુરેપુરી વિગત નામ સાથે નવયુગમાં જાહેર કરવી.

મુંબઇ એકમના કિરણભાઇ(C.A.) તરફથી રજુઆત કરવામાં આવી કે હિસાબોના આંકડામાં અલ્પવિરામ મુકવું તથા બેલેન્સ સીટમાં દર્શાવાતા ફંડો અલગ અલગ બતાવી માત્ર કુલ રકમ બેલેન્સ સીટમાં દર્શાવવા.

મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇએ જણાવ્યું કે સમગ્ર હિસાબો ગુજરાતી ભાષાના આંકડાઓની જગ્યાએ અંગ્રેજી ભાષામાં રજુ કરવા.

પ્રમુખશ્રી મનિષભાઇ દ્વારા આગામી વર્ષમાં મહિલા અધિવેશન રાખવાની જે એકમની ઇચ્છા હોય તો તેઓ આગળ આવી જાહેરાત કરે. આ અંગે વ્યારા એકમ તરફથી આગામી ૨૮ ડિસે. ૨૦૧૪ના રોજ વ્યારા ખાતે મહિલા સંમેલન રાખવા અંગે વ્યારાના પ્રમુખશ્રી ભરતભાઇ તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ ગીતાબેન ગાંધી તરફથી રજુઆત કરવામાં આવી.

સ્વયં ગ્રુપના અધ્યક્ષા કુ. મૃદુતાબેને જણાવ્યું કે સ્વયં ગ્રુપનો કાર્યક્રમ સુરત મુકામે આગામી જાન્યુઆરી ૨૦૧૫માં યોજવામાં આવશે.

મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇએ જણાવ્યું કે મહામંડળનું ૨૦૧૫નું અધિવેશન પાલ વિભાગમાં ડિસેમ્બર-૨૦૧૫માં બોડેલી મુકામે યોજવું..

શ્રી રમેશભાઇ પંચોલી વડોદરા એકમ તરફથી 'શ્રી પંચોલી સમાજ ભવન' વડોદરા માટે દાતાઓને દાન આપવાની અપીલ કરતી રજુઆત કરી.

મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેન બી. પંચોલીએ જણાવ્યું કે જે એકમમાં મહિલા મંડળ ન હોય તેવા એકમની ચાર બહેનો પણ એકત્ર થઇને મહિલા મંડળનું આયોજન કરવું અને મહામંડળ દ્વારા અપાતા વિવિધ કાર્યક્રમમાં અવશ્ય ભાગ લેવો.


પંચોલી નવયુગના તંત્રીશ્રી દિનેશભાઇ એમ મિસ્ત્રી તરફથી દિવાળી અંક માટે વધુમાં વધુ જાહેરાત આપવી સાથે સાથે અન્ય જાહેરાતો એકત્ર કરી નવયુગને સહયોગ આપવા વિનંતી કરી.

સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષશ્રી નવિનભાઇ વી. પંચોલી દ્વારા સમાજ સુરક્ષા યોજના અંતર્ગત ઝીણામાં ઝીણી માહિતી આપી ભવિષ્યમાં આ યોજનાને જીવંત રાખવા વધુને વધુ નવા સભ્યો નોંધવા અંગે જે તે એકમના પ્રમુખ મંત્રીશ્રીને આહ્વાન કરવામાં આવ્યું.

જે એકમમાં સામાન્ય સભા રાખવામાં આવે તે એકમમાં રૂા. ૧૦,૦૦૦/- એકમને સહાય આપવામાં આવતી હતી જેમાં ચાલુ વર્ષથી વધારો કરી રૂા. ૧૫,૦૦૦/- આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

અંતમાં સભાના આયોજન બદલ પ્રમુખશ્રી મનિષભાઇએ નવસારી એકમનો આભાર વ્યકત કર્યો તથા એકમના કાર્યકરોએ મિટિંગને સફળ બનાવવા માટે મહેનત કરી તથા સવારે સરસ ગરમ ચ્હા-નાસ્તો તથા બપોરે સુંદર ભોજનની તથા સાંજે ચ્હા-કોફીની વ્યવસ્થા કરવા બદલ..આભાર વ્યકત કર્યો. અંતમાં મિટીંગને પૂર્ણ થવાની જાહેરાત કરી.



# દિપોત્સવી અંક - ૨૦૧૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૨૫૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૬,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૬૫૦/-) | ₹ ૬૦૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (એક ફોટા સાથે-૩૫૦/-) | ₹ ૩૦૦/- | | | |

**(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા/ડ્રાફ્ટ/આંગડીયા દ્વારા મોકલ્યા છે. **(ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** *A/c* **પંચોલી નવયુગના નામનો મોકલવો. (ડ્રાફ્ટ માટે** *- Payble at Ankleshwar)*
(**ચેકમાં વટાવ ખર્ચ વધુ લાગતા હોય ચેક લેવાના બંધ કર્યા છે**....તકલીફ બદલ ક્ષમા)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)..........................................................................

(૩)..........................................................................

(૪) ..........................................................................

(૫) ..........................................................................

(૬) ..........................................................................

(૭) ..........................................................................

(૮)..........................................................................

(૯) ..........................................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ...................................... ફોન : (ઘર)................................(ઓ)...............................

મોબાઇલ ................................................................................................ (પાછળ જુઓ)

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૫.૧૦.૨૦૧૪ પહેલા પુછીને મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ**

**તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

**ફોન : ૦૨૬૪૬ (ઘર) ૨૯૧૮૫૨ મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત અને
## શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારા તથા શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા
## આયોજિત
## તૃતિય મહિલા સંમેલન

# " પ્રગતિ પંથે-નારી "

તૃતિય મહિલા અધિવેશન

## તા. ૨૮-૧૨-૨૦૧૪ - રવિવાર
## સવારે : ૮-૦૦ થી સાંજે ૪ : ૩૦ કલાક સુધી

### એન્ટ્રી રજીસ્ટ્રેશન

**તા. ૧/૧૨/૨૦૧૪** પહેલા રજીસ્ટ્રેશન ફી **રૂા. ૧૦૦/-**

**તા. ૧/૧૨/૨૦૧૪ થી તા. ૧૫/૧૨/૨૦૧૪** સુધી રજીસ્ટ્રેશન **ફી રૂા. ૧૫૦/-**

ત્યાર બાદ રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહિ

**સ્થળ પર રજીસ્ટ્રેશન બંધ છે.**

### રજીસ્ટ્રેશન અને એન્ટ્રી

**મોકલવા માટે નીચે જણાવેલ સરનામા પર સંપર્ક કરવો.**

પારૂલબેન હિતેશભાઇ ગાંધી
રાયકવાડ સ્ટ્રીટ, વ્યારા જિ.તાપી. પીન - ૩૯૪ ૬૫૦
ફોન નં. : ૦૨૬૨૬-૨૨૨૧૭૨ (ઘર)
મોબાઇલ નં. : ૮૧૪૧૦ ૮૬૬૬૮(પારૂલબેન), ૯૮૨૫૨ ૧૩૬૪૫ ( હિતેશભાઇ)

**નોંધ : :** (૧) રજીસ્ટ્રેશન જે તે એકમના મહિલા મંડળ મારફત કરાવવાનું રહેશે.

(૨) જે એકમમાં મહિલા મંડળ ન હોય તેવા એકમની બહેનોએ રજીસ્ટ્રેશન એકમ મારફત કરાવવાનું રહેશે.

(૩) સંમેલનમાં સમુહ કૃતિ માટે દરેક એકમની મહિલા મંડળને ૫ મિનિટ ફાળવવામાં આવેલ છે. જેની કૃતિઓ તૈયાર કરી તા. ૧/૧૨/૨૦૧૪ પહેલા મોકલવાની રહેશે.

(૪) સંમેલનમાં મહિલાઓને પ્રેરણા મળે તેવા કાર્યક્રમો આવકાર્ય રહેશે. (ફિલ્મી કૃતિઓ સ્વીકારવામાં આવશે નહિ) આવેલ કૃતિઓ માન્ય રાખવાની સત્તા આયોજકોની રહેશે.

સમગ્ર પંચોલી સમાજની બહેનોને ભાગ લેવા વિનંતી છે.....

| | | |
|---|---|---|
| શ્રી મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ | શ્રી ભરતભાઇ સી. પંચોલી-પ્રમુખ | શ્રીમતિ ગીતાબેન જે. ગાંધી-પ્રમુખ |
| શ્રી ચંદ્રકાંત જે. પંચોલી-મહામંત્રી | શ્રી હિતેશભાઇ પી. ગાંધી-મંત્રી | શ્રીમતિ પારૂલબેન એચ. ગાંધી-મંત્રી |
| શ્ર. પંચોલી સેવા સમાજ મહામંડળ | શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા | શ્રી પ્રગતિ મહિલા મંડળ વ્યારા |

# બ્યુટીકેર

તેજસ્વીની મહિલા મંડળ વડોદરા દ્વારા બ્યુટીકેર માર્ગદર્શન રાખવામાં આવ્યું હતું જેમાં વડોદરાના જાણીતા બ્યુટીશ્યન ભૈરવીબેન પંડ્યાએ હાજર રહી નીચે મુજબનું માર્ગદર્શન આપ્યું હતું....

સુંદર અને સ્વચ્છ ત્વચા સૌને ગમે છે, પરંતુ તમારે પણ જો સ્વસ્થ ત્વચા મેળવવી હોય તો ખાવા પીવામાં ધ્યાન આપવું પડશે. આપણે જ્યારે પણ ડાયેટ પ્લાન બનાવીએ છીએ ત્યારે તે શરીર માટે યોગ્ય છે કે નહીં તેનું પણ ધ્યાન રાખીએ છીએ. તેવી જ રીતે ઘણાં ખોરાકો એવા છે જે તમારી ત્વાચાની રોનક છીનવી શકે છે. નિયમિત રીતે જો પૌષ્ટિક આહારનું સેવન કરવામાં આવે તો ત્વચા ચમકી ઉઠે છે. જ્યારે ઘણાં ખોરાક એવા છે જે ખાવાથી ત્વચા પર ખીલ નીકળે છે. તેમજ ત્વચા નિસ્તેજ થઇ જાય છે. તેના માટે નિયમિત ફેસીયલ કરાવવું જરૂરી છે..

**ફેશિયલ શું છે ? :-** ફેશિયલ એ સૌન્દર્ય માટેની ખૂબ જ મહત્વની ટ્રીટમેન્ટ છે. તે તન - મન ને આરામ આપે છે. ફેશિયલ કરાવવાથી સ્કીન ફ્રેશ અને ડેલીકેટ લાગે છે. તેનાથી બ્લડ સરક્યુલેશન વધે છે. તે મસલ્સને ટોન અપ કરે છે. તે નિષ્ક્રિય ગ્રંથીને સક્રિય કરે છે. ફેશિયલ ડ્રાય સ્કીન અને કરચલી વાળી સ્કીન માટે ખૂબ જ ફાયદાકારક છે. તે સ્કીનનું મોઇશ્ચર લેવર બેલેન્સ કરે છે સ્કીનને યંગ રાખવામાં મદદ કરે છે..

ફેશિયલ કરાવવું આજકાલ સાવ સામાન્ય બાબત છે. છતાં ફેશિયલના વિષયમાં લોકોને પુરી જાણકારી હોતી નથી. કોઇ ફેશન મોડલ હોય કે ઓફિસમાં કામ કરતી સ્ત્રી હોય, વિદ્યાર્થી હોય કે ગૃહિણી. ફેશિયલ આજકાલ લગભગ બધા જ લોકો કરાવે છે. ફેશિયલ કરાવવા માટે બધા લોકો પાર્લરમાં આપવામાં આવેલી જાણકારી પર જ નિર્ભર રહે છે. ડાયમંડ, ગોલ્ડ, હર્બલ જેવા નામો અને તે શું છે તેના વિષે બધા લોકો જાણતા નથી હોતા. તેથી કેટલીવાર નાના નાના પાર્લરમાં લોકો ફેશિયલના નામે પૈસા અને ચહેરો બરબાદ કરી દે છે. તેથી ફેશિયલની પ્રાથમિક માહિતી બધાને હોવી જોઇએ..

**શું જરૂરી છે ફેશિયલ ?? :-** કેટલીક ખાસ વસ્તુઓની સાથે ચહેરા પર મસાજ કરવું તે ફેશિયલ છે.

ચહેરાની માંસપેશીઓનો ટોનિંગ માટે, કરચલીઓના બચાવ માટે ફેશિયલ જરૂરી છે.

એક ફાયદો એ પણ છે એક ફેશિયલ કરાવવાથી ચહેરા પર બ્લડ સરક્યુલેશન વધે છે અને મસાજ ને લીધે આરામ પણ મળે છે. તેથી ચહેરાની સાચી મસાજ થાય છે. તે માટે જરૂરી છે પ્રશિક્ષિત બ્યુટીશિયન પાસે ફેશિયલ કરાવવું.

જો ફેશિયલ યોગ્ય રીતે ન થાય તો ફાયદાને બદલે નુકશાન થાય છે.

**ફેશિયલ કઈ ઉંમરમાં કરાવવું જોઈએ ? :-** ફેશિયલ કરાવવા માટે સાચી ઉંમર તો છે ૨૦ થી ૨૫ વર્ષ વચ્ચે. પરંતુ ઉંમરથી વધારે જરૂરી છે ત્વચાનો પ્રકાર. કેટલાક લોકોની ત્વચા એવી હોય છે કે જેના પર કરચલીઓ બહુ જ જલ્દી પડી જાય છે. આવી સ્કીન માટે ફેશિયલ કરાવવું જરૂરી છે.

કેટલીકવાર ચહેરા પર આછા ભુરા રંગના કે અન્ય ડાઘ પડી જાય છે. તેના માટે પણ ફેશિયલ જરૂરી છે.

બહુ નાની ઉંમરમાં જો ત્વચામાં કોઇ સમસ્યા ન હોય તો ચહેરા પર કિલનીંગ કરાવવા માટે પણ ફેશિયલ જરૂરી છે.. કિલનીંગમાં ચહેરા પર સ્ક્રબીંગ કરીને ફેસ પેક લગાવી દેવામાં આવે છે. તેનાથી ત્વચા સાફ થઇ જાય છે.

**ફેશિયલ કેટલા દિવસના અંતરે કરાવવું ? :-** ફેશિયલ કરાવવાનું અંતર ફેશિયલનો સમય, સીમા અને આપણી ત્વચા પર નિર્ભર કરે છે. જો સ્કિન ડ્રાય હોય તો થોડા થોડા સમયે ફેશિયલ કરાવવું જોઇએ.. ઓઈલી સ્કિનમાં ઓછું કરાવવું પડે છે.

સામાન્ય રીતે જો સ્કીનમાં કોઇ સમસ્યા ન હોય તો ૩૫ વર્ષની ઉંમર પહેલા મહિનામાં એકવાર કરાવવું યોગ્ય છે. ૩૫ થી ૪૦ વર્ષમાં ૨૦ દિવસમાં તથા ૪૦ વર્ષ પછી ૧૫ દિવસે કરાવવું યોગ્ય છે. કેટલાક સ્ત્રી પુરૂષોની ઉંમર ૪૦ વર્ષથી વધારે ન હોવા છતાં તેમની ત્વચા પર કરચલીઓનો પ્રભાવ દેખાવા લાગે છે. ૪૦ થી પણ ઓછી ઉંમરમાં ચહેરા પર કરચલીઓ પડવી, ઢળતી ઉંમરનો અહેસાસ કરાવે છે. જો શરૂઆતથી જ સર્તક રહીને કાળજી કરવામાં આવે તો કરચલીઓને વધારેમાં વધારે ઉંમર સુધી અવશ્ય રોકી શકાય છે.

કપાળ પર સમાંતર પડતી રેખાઓ, કે આંખોની ચારે

બાજુ બારીક રેખાઓ ૩૫ વર્ષની ઉંમરમાં વધારે ઘેરી દેખાય છે. તેનાથી ત્વચાની કોમળતા ઓછી થઇ જાય છે. સ્વાસ્થ્ય માટે વ્યાયામને જરૂરી માનવામાં આવે છે તેમ ચહેરા પરની કરચલીઓ દુર કરવા માટે પણ વ્યાયામનું મહત્વ સ્વીકારવામાં આવે છે.

**ત્વચા પર થતી સમસ્યાઓથી બચવાના ઉપાય :-** ત્વચા માટે પૌષ્ટીક ભોજન લેવામાં આવે, પૌષ્ટિક ભોજન શારીરિક અંગોની કાર્યક્ષમતા વધારીને ત્વચા સુધી પુરતું પોષણ પહોંચાડવામાં સહાયક બને છે. ત્વચાને સ્વસ્થ બનાવવા માટે પ્રોટીન, વિટામીન-એ, બી અને સી થી યુક્ત ખાદ્ય પદાર્થ ભરપૂર માત્રામાં લેવાં જોઇએ. પ્રોટીનથી ત્વચામાં લચીલાપન બની રહે છે. એક વ્યસ્ક માનવીએ ઓછામાં ઓછું અઢી લીટર પાણી જરૂર પીવું જોઇએ. આકરા તાપમાં અધિક સમય સુધી ન રહેવું. જ્યારે પણ તાપમાં નીકળવાનું થાય તો સનગ્લાસીસ અવશ્ય પહેરવા અને સનગ્લાસીસ આંખના ડોક્ટરની સલાહ મુજબ ખરીદવા. સાબુનો ઉપયોગ જેમ બને તેમ ઓછો કરવો. કેમિકલ યુકત સૌંદર્ય પ્રસાધનોથી બચવાનો પ્રયાસ કરવો. સૌંદર્ય પ્રસાધનોમાં હર્બલ સૌંદર્ય પ્રસાધનોને પ્રાધાન્ય આપવું. મેકઅપ સામગ્રીનો ઉપયોગ બની શકે ત્યાં સુધી ઓછામાં ઓછો કરો. જ્યારે પણ મેકઅપ સામગ્રીનો ઉપયોગ કરો રાત્રે સુતા પહેલાં કલીન્ઝીંગ મિલ્કથી ચહેરો અવશ્ય સાફ કરો. કલીન્ઝીંગ મિલ્ક ઉપલબ્ધ ન હોય તો કાચા દૂધનો ઉપયોગ કરવો. એલોપેથી દવાઓનું સેવન ખૂબ જ જરૂરી હોય ત્યારે જ કરવો. તેના દુષ્પ્રભાવથી ચહેરા પર કરચલીઓ પડી જાય છે. નિયમિત માલીસ ત્વચા પર પડેલી કરચલીઓનો સરળ અને સસ્તો ઉપચાર છે. તેનાથી રકત સંચાર યોગ્ય થાય છે, માંસપેશી સુડોળ બને છે. કોશિકાઓના નિર્માણની ગતિ તેજ થાય છે અને તેના ફળ સ્વરૂપે માંસપેશીઓ કસાય છે. ગોરા લોકોની ત્વચા પર કરચલીઓ, શ્યામ રંગવાળાલોકોની તુલનામાં જલ્દી પડી જાય છે. કારણ કે તેનામાં શ્યામ ત્વચાવાળા લોકોની સરખામણીમાં ગરમી સહન કરવાની ક્ષમતા ઓછી હોય છે. ધુમ્રપાન કયારેય ન કરવું. ધુમ્રપાન કરવાથી આંખોની આજુબાજુ ઉંમરની પહેલા જ કરચલીઓ પડી જાય છે. વિટામીન સી સમાપ્ત થઇ જાય છે. આલ્કોહોલનો કયારેય પણ પ્રયોગ ન કરવો. કારણ કે તેનાથી રકતવાહિનીઓ ફેલાય જાય છે. કે કોશમંડળ જળ રહીત થઇ જાય છે..

# સંસ્થા સમાચાર......

## પંચોલી સમાજ અમદાવાદ

એલ. જે. સ્કૂલ ઓફ આર્કિટેક, અમદાવાદ યુથ ફેસ્ટીવલ ગુજરાત યુનિ. માં તા. ૬.૯.૧૪ જાણીતા ચિત્રકાર જય પંચોલી પોસ્ટર મેકિંગ સ્પર્ધાના નિર્ણાયક રહ્યા. બુકે અને મોમેન્ટોથી સ્વાગત થયું.

સીટી સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ યુગ ફેસ્ટીવલ ગુજરાત યુનિફ માં તા. ૧૧.૯.૧૪ જાણીતા ચિત્રકાર જય પંચોલી પોસ્ટર મેકિંગ સ્પર્ધાના નિર્ણાયક રહ્યા. બુકે અને મોમેન્ટોથી સ્વાગત થયું.

અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ યુનિ. તા. ૧૯.૯.૧૪ જાણીતા ચિત્રકાર જય પંચોલી પોસ્ટર મેકિંગ અને ટી-શર્ટ ડિઝાઇન સ્પર્ધાના નિર્ણાયક રહ્યા. બુકેના બદલે કૂંડામાં છોડ અને મોમેન્ટોથી સ્વાગત થયું.

અંકૂર સ્કૂલ અમદાવાદ તા. ૧૭.૯.૧૪ઇ સ્થનપક સ્વ. સુશ્રી ફેનીબેન દેસાઇની ૧૦૯મી જન્મતીથી નિમિત્તે યોજાયેલ ચિત્રસ્પર્ધામાં ૬૦૦ બાળકોએ ભાગ લીધો. નિર્ણાયક તરીકે શ્રી જય પંચોલીએ વયકતવ્ય આપ્યું. સંસ્થા તરફથી શાલ - મોમેન્ટોથી સ્વાગત થયું.

જાણીતા ફોટોગ્રાફર શ્રી આનંદ પટેલના ફોટોગ્રાફનું પ્રદર્શન રવિશંકર આર્ટ ગેલેરી અમદાવાદ. યોજાયું. તા. ૧૩.૯.૧૪ના રોજ ઉદ્ઘાટન સમારંભમાં જાણીતા ચિત્રકાર શ્રી જય પંચોલી દીપ પ્રાગટયમાં જોડાયા... આવી પ્રવૃત્તિ કાર્ય માટે અનેક શુભેચ્છાઓ....સહ અભિનંદન...

## શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ, વડોદરા

વરિષ્ઠ નાગરિક મંડળની કારોબારી તથા ઓગસ્ટ - સપ્ટેમ્બર માસનો જન્મોત્સવ તા. ૩૧.૦૮.૧૪ની સાંજે શ્રી અરવિંદભાઇ ડી. પંચોલીના નિવાસ સ્થાને યોજાયો. દ્રમુખશ્રી મધુસુદન ભાઇએ સિનિયર સીટીઝન સભાસદોને કારોબારી સભ્યોને આવકાર્યા બધાનું હાર્દિક સ્વાગત કર્યુ. જન્મોત્સવી ભાઇ-બહેનોને પુષ્પગુચ્છ આપી અંતરનો આનંદ વ્યકત કર્યો. પ્રમુખશ્રીએ એજ કેર સંલગ્ન ૬૦ મંડળોની માહિતી આપી. રાષ્ટ્રીય સ્તરે તા. ૧.૧૦.૧૪ના દિને સીનીયર સીટીઝનના સભ્ય જાહેર વિરોધ દિન, સમાજ ટ્રસ્ટ, મહિલા મંડળ સૌને સાથે રહી ઠસૌનો સાથ સૌનો વિકાસનો ઉલ્લેખ કર્યો. ચંત્રીશ્રી અરવિંદભાઇએ ર૯મી જાન્યુઆરસની મિટિંગ પછીની આ પ્રથમ મિટિંગ છે. એમ જણાવી પોતે મંત્રીપદ સ્વીકાર્યુ

તથા પોતાના શીરે આવનાર તમામ જવાબદારીઓ ખરા ખંતથી અદા કરવાની ખાતરી આપી.

પૂર્વ મંત્રી શ્રી ચંદ્રકાંતભાઇએ વર્ષ ૨૦૧૩-૧૪ના હિસાબો રજુ કર્યા. હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. વડોદરા સમાજના પ્રમુખશ્રી પદ્માકાંતભાઇએ હોદ્દેદારો તથા જન્મોત્સવી ભાઇબહેનોને શુભેચ્છાઓ પાઠવી. શ્રી મધુભાઇ ડે. પંચોલી ઓસ્ટ્રેલીયા વિદેશ પ્રવાસે જતા હોઇ તેમનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું.

આજના યજમાન અરવિંદભાઇએ ચ્હન-બિસ્કીટથી આવકાર્યા. સન્માન કર્યું. બધાને પુષ્પગુચ્છ અર્પણ કર્યા. છેલ્લે સ્વાદિષ્ટ ભોજનની લિજ્જત માણી સૌ છૂટા પડયા. સહમંત્રી શ્રી સુરેશભાઇએ યજમાન શ્રી અરવિંદભાઇ તથા તેમના ફેમીલીનો સુંદર સહકાર આપવા બદલ આભાર વ્યકત કર્યો.

જન્મોત્સવ નિમિત્તે મળેલ ભેટ

૨૫૧ મધુભાઇ ડે. પંચોલી
૧૦૧ પુષ્પાબેન બી. મપારા
૧૨૫ નટુભાઇ એમ. પંચોલી
૧૦૧ જ્યોત્સનાબેન જે. મપારા
૧૦૧ વિપીનભાઇ બી. પંચોલી
૧૦૧ પદ્માકાંતભાઇ પંચોલી
૧૦૧ ચંદ્રકાંતભાઇ સી. પંચોલી
૧૦૧ મધુબેન આર. પંચોલી

## પંચોલી સેવા સમાજ પાવી જેતપુર

શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુર એકમની મિટિંગ તા. ૧૯.૯.૨૦૧૪ને શુક્રવારે રાત્રે ૯.૦૦ કલાકે પ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના નિવાસ સ્થાને પ્રમુખશ્રી ગણપતભાઇના અધ્યક્ષ પણા હેઠળ મિટિંગ ભરવામાં આવી.

તા. ૨.૭.૧૪ને બુધવારના રોજ ભરાયેલી મિટિંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું જેને આજની સભાએ સર્વાનુમતે ગ્રાહ્ય રાખી બહાલી આપી.

પાવી જેતપુર હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને પાવી જેતપુરમાં રહેવા આવેલ પરસોત્તમદાસનું સ્વાગત કરવામાં આવ્યું અને પાવી જેતપુર એકમના સભ્ય તરીકે જોડાવા માટે અનુરોધ કરવામાં આવ્યો

પંચોલી નવયુગ દિપોત્સવી અંકમાં દીવાળી - નૂતન વર્ષની શુભેચ્છા તેમજ જાહેરાત માટે આજની સભામાં પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો. જેમાં હાજર રહેલ સભ્યો દ્વારા નીચે મુજબની જાહેરાત આપવામાં આવી. અડધુ પેજ - શ્રી પંચોલી સેવા સમાજ પાવી-જેતપુર એકમ, પા પેજ - ગણપતભાઇ ભટાભાઇ પંચોલી, પા પેજ ગોપાલભાઇ ભટાભાઇ પંચોલી, અડધુ પેજ કનુભાઇ હીંમતલાલ પંચોલી, પા પેજ શંકરલાલ અંબાલાલ પંચોલી તરફથી મળી.. બાકી રહેલ સભ્યોને જાહેરાત માટે પ્રમુખશ્રીનો સંપર્ક કરવા અનુરોધ કર્યો.

પંચોલી વિઠ્ઠલભાઇ મંગુભાઇ પંચોલી તરફથી એકમને રૂા. ૧૦૦/- અને નવયુગ ફાળો રૂા. ૫૦, શંકરલાલ ચીમનલાલ પંચોલી તરફથી એકમને રૂા. ૧૦૦/- અને નવયુગ ફાળો રૂા. ૫૦/- મળ્યા છે. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## યુવા મંચ-આવિષ્કાર ગ્રુપ મુંબઇ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા સંચાલિત અને યુવા મંચ-આવિષ્કાર ગ્રુપ દ્વારા આયોજીત ગેટ ટુ ગેધર ડાન્સ પાર્ટી તા. ૧૯.૦૭.૨૦૧૪ના રોજ હોટલ સાંઇ પેલેસ એન્ડ ગાર્ડન્સ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉ નકકી કર્યા મુજબ દરેક સભ્યો સવારે ૭.૦૦ કલાકે ભેગા થયા. અને કાર્યક્રમનો શુભારંભ કર્યો.

સાંઇપેલેસ હોટલ એન્ડ ગાર્ડન્સ ખાતે રખાયેલા પાલતુ પ્રાણીઓ જેવા કેસસલાં, લવબર્ડ, બતક વગેરે સાથે ફોટા પડાવ્યા. વેલકમ ડ્રીંકસની મઝા માણી. વરસાદી માહોલમાં ગાર્ડનનો નયનરમ્ય નજારો કંઇક વધુ જ રળીયામણો લાગ્યો. સૌએ સાથે મળી ડીજે ડાન્સ પાર્ટી હો 9 કોર્સ ડીનરની મઝા માણી. સમાજના યુવા સભ્યો તેમજ બાળકો સંગીતના તાલે ઝૂમી .ઠયા. ત્યારબાદ ગરબાની રમઝટ બોલાવી. વિવિધ વાનગીઓનો રસથાળ આરોગીને સૌ આનંદવિભોર બન્યા. રાત્રે ૧૧.૩૦ કલાકે મન ન હોવા છતાં સૌ મીઠી યાદો લઇ ડાન્સ ફલોર પરથી બહાર આવ્યા. આવિસ્કાર ગ્રુપના પ્રમુખ ડિમ્પલબેને કાર્યક્રમને સફળ બનાવવા બદલ હાજર રહેલ સભ્યનો તથા શ્રી રાહુલભાઇનો આભાર વ્યકત કર્યો.

## શ્રી પંચોલી સેવા સમાજ ચાંદોદ

શ્રી પંચોલી સમાજ ચાંદોદ ખાતે પંચોલી સમાજની વાડી આવેલ છે... ઘણાં વર્ષોની જુની વાડી હોય જર્જરીત થઇ ગઇ છે. આથી એના સમારકામ માટેની મૌખિક વાતો કરતા તરત જ એના પ્રતિસાદ રૂપે નીચે મુજબ દાન મળ્યું છે...

૫૧,૦૦૦ સ્વ. મોતીલાલ છગનલાલ પંચોલીના સ્મરણાર્થે હસ્તે અંબાબેન તરફથી

૨૫,૦૦૧ સ્વ. શાન્તીલાલ રામજીભાઇ પંચોલી પરિવાર તરફથી હસ્તે અશ્વિનભાઇલ વિશ્રુતભાઇ અને શશીકાન્તભાઇ.

૫,૦૦૦ રાજપીપલા નિવાસી પંચોલી ઉષાબેન મુકેશભાઇ તરફથી દાનમાં મળ્યા છે.... પંચોલી સમાજ ચાંદોદ દાતાઓનો ખૂબ ખૂબ આભાર માને છે..

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૭.૯.૨૦૧૪ના રોજ સહમંત્રી શ્રીમતિ હર્ષાબેનને ત્યાં મિટીંગ રાખવામાં આવી હતી. હર્ષાબેનના મધુર કંઠથી બાબાની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ નવસારીના ભારતીબેન નટવરલાલ મિસ્ત્રી, મહામંડળના ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇના માતુશ્રી તથા સમાજના નામી અનામી દિવંગત આત્માની શાંસ્ત અર્થે શ્રદ્ધાજલી આપી પ્રાર્થના કરી.લકી ડ્રોમાં શ્રીમતિ પ્રીતિબેન મપારા તથા શીલાબેન પંચોલી લકી થયા તેમને હર્ષાબેને સુંદર ગીફટ આપી નવાજ્યા. કોલ્ડ્રીકસથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું.

શીલાબેને ગત મિટિંગનું વાંચન કર્યુ હતું. આજરોજ ભજન સ્પર્ધા રાખવામાં આવી હતી જેના નિર્ણાયક તરીકે શ્રીમતિ વિભૂતીબેન પંચોલીએ સેવા આપી હતી. ભજન સ્પર્ધામા ૧૩ બહેનોએ ભાગ લીધો હતો જેના વિજેતા પ્રથમ શીલાબેન પંચોલી અને દ્વિતીય સુરેખાબેન પંચોલી વિજેતા થયાં. હર્ષાબેને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા.

શીઘ્રવર્તન-શીઘ્ર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેના વિજેતા પ્રથમ સપનાબેન અને દ્વિતીય સુરેખાબેન પંચોલી થયાં. હર્ષાબેન તથા જયશ્રીબેને ઇનામો આપી નવાજ્યા. આ સ્પર્ધાના જજ તરીકે રાજપીપલા ભગીની સમાજના સક્રિય કાર્યકર્તા જયશ્રીબેન પંચોલીએ સેવા આપી હતી. અભિનય સ્પર્ધામાં પ્રથમ પ્રીતિબેન મપારા અને દ્વિતીય જ્યોતીબેન એસ. પંચોલી વિજેતા બન્યા. આજની સ્પર્ધાના બન્ને જજોને સ્મૃતિભેટ આપી આભાર વ્યકત કર્યો. જયશ્રીબેને તેજસ્વીની મહિલા મંડળનો આભાર માની આવા સુંદર પ્રોજેકટો અને કાર્યો કરવા બદલ અભિનંદન આપ્યા. મહામંડળની સંલગ્ન પ્રવૃત્તિઓ વિષે શીલાબેન પંચોલીએ વિસ્તૃત માહિતી આપી. મહામંડળના કાર્યો તથા તેમના હોદ્દેદારો વિશે માહિતગાર કર્યા. હાઉસી રમ્યા. આગામી મિટિંગ જ્યોતિબેન ડે. પંચોલીને ત્યાં તા. ૧લી ઓકટોબરે ૩ કલાકે રાખવાનું નકકી કરવામાં આવ્યું. હર્ષાબેન તરફથી કાઠીયાવાડી જમણને ન્યાય આપી છુટા પડ્યા.

તા. ૧૨.૯.૧૪ના રોજ મંડળની બહેનો દ્વારા સંજયનગર ઝૂપડપટ્ટીમાં કપડાં-બિસ્કીટ તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું. જયશ્રીબેને સરપ્રાઇઝ ગેમ રમાડી. જેનાં વિજેતા શીલાબેન થયાં. હર્ષાબેને સરદ્રાઇઝ ગીફટ આપી. જ્યોતિબેન ડે. પંચોલીએ જેસલબેન અને જયશ્રીબેનનો આભાર વ્યકત કર્યો. ૨૮ ડિસેમ્બરે વ્યારા મુકામે યોજાનાર મહિલા સંમેલનની માહિતી આપી વડોદરા સમાજની બહેનોને વહેલી તકે પ્રમુખશ્રી /મંત્રીશ્રીને પોતાના નામો લખાવી દેવા વિનંતી. વડોદરાની વધુને વધુ બહેનો આ સંમેલનમાં ભાગ લે એવી વિનંતી...

## રેવા સખી મંડળ-ચાંદોદ

ચાંદોદ રેવા સખી મંડળની મિટિંગ તા. ૨૩.૦૮.૧૪ના રોજ રૂષ્માબેન પંકજભાઇના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. શિવમહિમ્ન સ્ત્રોતના ગાનથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ચા-નાસ્તાથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું.

પ્રવાસના આયોજન વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવી. અંતે સર્વાનુમતે બગદાણા, સારંગપુર, ભાવનગર, કોઢ ગણેશ, બુટભવાનીના સ્થળો પસંદ કરી તા. ૩૧.૮.૧૪ના રોજ ચાંદોદથી નીકળી સારંગપુર હનુમાનજીના દર્શન કર્યા. ત્યાંથી બગદાણા જવા રવાના થયા પરંતુ જોરદાર વરસાદી વાતાવરણને કારણે આમલા ખોડીયાર મંદિરે રાત્રી રોકાણ કર્યુ.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પંચોલી પ્રગતિ મહિલા મંડળની મિટિંગ તા. ૩૧.૮.૧૪ના રોજ પંચોલી વાડીમાં કરવામાં આવી હતી. મિટિંગની શરૂઆત વિઘ્નહર્તા ગણેશજીની વંદનાથી કરી... ગીતાબેને સૌને આવકાર્યા હતાં. ઓગસ્ટ માસમાં બહેનોની આવતી વર્ષગાંઠ-એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

સમગ્ર પંચોલી સમાજની બહેનોનું મહિલા અધિવેશન તા. ૨૮.૧૨.૧૪ના રોજ વ્યારા મુકામ રાખવાનું નકકી કરવામાં આવ્યું અને એ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. નવયુગ દિપોત્સવી અંકની જાહેરાત માટે સ્વેચ્છાએ ફાળો આપવા બહેનોને વિનંતી કરવામાં આવી.

આજરોજ વેસ્ટમાંથી બેસ્ટ અને ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકેની સેવા મમતાબેન રાણા અને રીટાબેન ગાંધીએ સેવા આપી હતી... સેવા આપનાર બન્ને બહેનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

વેસ્ટ માંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ વિજેતા સરસ્વતીબેન અને દ્વિતીય વિજેતા રીટાબેન ગાંધી તથા ભજન સ્પર્ધામાં પ્રથમ ભૂમિકાબેન પંચોલીપ દ્વિતીય જ્યોત્સનાબેન પંચોલી અને તૃતીય જ્યોતિબેન પંચોલી થયા હતા. નીચે મુજબ દાન મળ્યુ હતું.

૧૫૧ મંજુલાબેન મહેશભાઇ પંચોલી-ઉધના તરફથી સ્વ. મહેશભાઇના સ્મરણાર્થે..
૨૦૦ માલતીબેન ગાંધી વર્ષગાંઠ નિમિત્તે
૧૦૧ ગીતાબેન ગાંધી વર્ષગાંઠ નિમિત્તે
૫૧ પ્રભાબેન પંચોલી વર્ષગાંઠ નિમિત્તે
૫૦ રંજનબેન પંચોલી વર્ષગાંઠ નિમિત્તે
૫૧ અલકાબેન પંચોલી વર્ષગાંઠ નિમિત્તે
અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા....

## પંચોલી ભગીની સમાજ રાજપીપલા

પ્રમુખશ્રી ગીતાબેન પંચોલીને ત્યાં તા. ૪.૮.૧૪ના રોજ મિટિંગ રાખવામાં આવી. શ્લોકગાનથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. આઇસક્રીમથી બહેનોનું સ્વાગત કરવામાં આવ્યું. શીઘ્ર વકૃત્વ અને શીઘ્ર વર્તન સ્પર્ધાનું આયોજન કરવામાચં આવ્યું. લકી ડ્રો કરવામાં આવ્યો.. નવા પ્રોજેક્ટ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી.


આ માસમાં આવતી વર્ષગાંઠ - એનીવર્સરી નિમિત્તે બહેનોને શુભેચ્છાઓ પાઠવી... ગણેશ ઉત્સવ હોવાથી ગણેશ વંદના-ધૂન અને પાઠ કર્યા.. હાઉસી રમ્યા. વિજેતા બહેનોને ઇનામોથી નવાજ્યા. અંતમાં હોટલમાં ભોજન લઇ છુટા પડયા.

તા. ૪.૯.૧૪ના રોજ ઉષાબેન પંચોલીને ત્યાં મિટિંગ રાખવામાં આવી. પ્રાર્થનાથી શરૂઆત કરી. શ્રીમતિ રેખાબેન કંચનભાઇ પંચોલીનો સર્વાનુમતે કારોબારીમાં સમાવેશ કરવામાં આવ્યો. વેલકમ ડ્રીક્સ આપવામાં આવ્યું. બીફોર નવરાત્રી પ્રોજેક્ટ કરવાનો હોવાથી રંગબેરંગી બાંધણીમાં રહેનો આવી હતી. અને તાલીઓના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી જેમાં બે ગ્રુપ પાડી સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. પ્રથમ ગ્રુપ ૫૦ વર્ષ સુધી અને બીજુ ગ્રુપ ૫૦ વર્ષગી ઉપરનું. પ્રથમ ગ્રુપમાં નયનાબેન અને સ્મૃતિબેન બેસ્ટ એકશનમાં અને બીજા ગ્રુપમાં ઉષાબેન તથા દક્ષાબેન વિજેતા થયા હતાં.


રકતદાન કેમ્પ અને મેડીકલ ચેકઅપ કેમ્પ નવેમબર માસમાં રાખવા અંગે ચર્ચા કરવામાં આવી. વનમિનિટ ગેમ અને હાઉસી રમ્યા. વિજેતા બહેનોને ઇનામો આપ્યા. ભોજનને ન્યાય આપી છુટા પડયા.

૧૦૧ ઉષાબેન તરફથી સ્વ. ડાહીબેનના સ્મરણાર્થે
૫૧ જયશ્રીબેન તરફથી દીપનભાઇની વર્ષગાંઠ નિમિત્તે
૫૦ અરૂણાબેન ઇશ્વરભાઇની વર્ષગાંઠ નિમિત્તે
૫૧ સરોજબેન તરફથી હિનાની વર્ષગાંઠ નિમિત્ત

## શતમ્ જીવમ્ શરદઃ



વ્યારા નિવાસી રામુભાઇ નાથુભાઇ પંચોલીની તા.૧૬.૯.૧૪ના રોજ ૮૪મી વર્ષગાંઠ ૨૫૧ ભેટ



વ્યારા નિવાસી અશોકભાઇ જમનાદાસ ગાંધી ની તા.૬.૧૦.૧૪ના રોજ ૭૪મી વર્ષગાંઠ ૧૫૧ ભેટ

માલુમ છે, જડતો નથી જવાબ તોય ફાંફા મારું છું
નિષ્ફળતા નો થયો છું શિકાર તોય ફાંફા મારું છું
આ બધું છોડી મન થી હું, અડગ રહેવામાં માનું છું
ભરીશું એક નવું ડગ બદલીશું ફરી આપણું જગ
બસ, આજ વિશ્વાસ માં હું રોજ રાચુ છું .

"મને સંભળાવી દીધેલી વાત નો અર્થ, મારો સ્વીકાર નથી મળેલા સવાલના સ્વરૂપ માં જવાબ આપવો એ, મારો સંસ્કાર નથી."

અર્થાત : કોઈ કઈ પણ કહે અથવા કઈ પણ તમારા પર આરોપો મુકે એનો અર્થ આપણી એ વાત સાથે ની સહમતી નથી સાબિત કરતી.
કડવા, ખરાબ કે અયોગ્ય શબ્દો માં પૂછાયેલા સવાલ ના બદલામાં સારા, સુંદર અને સભ્ય શબ્દો થી આપવામાં આવેલા જવાબ થી આપણા સંસ્કાર ની છબી રજુ થાય છે.

## દેવના દિધેલ



સુરત નિવાસી સ્વપ્નીલકુમાર ધર્મેન્દ્રભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'ચિ.ધ્યાની' નો જન્મ તા. ૦૪.૦૯.૨૦૧૪ના રોજ થયો.

માતા : બિન્નીબેન



વાપી નિવાસી ધવલકુમાર અશોકભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. મલ્હાર'નો જન્મ તા. ૨૬.૦૮.૨૦૧૪ના રોજ થયો.

માતા : રેશનીબેન



રાજપીપલા નિવાસી જીગરભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ.ક્રિશાંગ' નો જન્મ તા. ૨૦.૦૮.૨૦૧૪ના રોજ થયો.

માતા : ગ્રીષ્માબેન



મસ્કત નિવાસી સાકેતકુમાર જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રરત્ન 'ચિ. આયાંશ'નો જન્મ તા. ૨૭.૦૫.૨૦૧૪ના રોજ થયો.

માતા : પૂજાબેન

## ટીપે ટીપે સરોવર ભરાય....

- ❖ ₹ ૨૫૧/- વાપી નિવાસી શ્રી અશોકભાઇ એન પંચોલીને ત્યાં પૌત્ર 'ચિ. મલ્હાર'ના જન્મ નિમિત્તે.
- ❖ ₹ ૧૦૧/- અંકલેશ્વર નિવાસી દક્ષાબેન તથા દિનેશભાઇ મોહનલાલ મિસ્ત્રી તરફથી દોહીત્રી 'ચિ. ધ્યાની' ના જન્મની ખુશાલી નિમિત્તે.

## એક વાર જાવું હરીના ધામમાં




સુરત નિવાસી સમાજપિતા સ્વ. સી.ટી.મિસ્ત્રીના ધર્મપત્નિ અને મહામંડળના ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રીના માતુશ્રી ગં.સ્વ. લલીતાબેન તા. ૧૧.૦૯.૨૦૧૪ ના રોજ હરીના ધામમાં ગયા.



નવસારીના કુ. ભારતીબેન નટવરલાલ મિસ્ત્રી તા. ૩૧.૦૮.૨૦૧૪ ના રોજ હરીના ધામમાં ગયા છે...



વ્યારા નિવાસી સુમનલાલ અંબેલાલ પંચોલી તા. ૧૫.૦૯.૨૦૧૪ ના રોજ હરીના ધામમાં ગયા.



અંકલેશ્વર નિવાસી ચીમનભાઇ મગનભાઇ પંચોલી તા. ૨૫.૦૮.૨૦૧૪ ના રોજ હરીના ધામમાં ગયા છે...

## ક્ષમા યાચના.......

સપ્ટેમ્બર-૨૦૧૪ના અંકમાં પેજ નં. ૬ પર સ્વ. ધનસુખલાલ ભગવાનજી પંચોલીની જન્મ તા. ૨૧:૦૧:૧૯૩૩ વાંચવી... ઉપરોક્ત થયેલ ભુલ બદલ ક્ષમાયાચના.... તંત્રી

# શ્રીજી પધાર્યા અમ આંગણે...

શ્રી પંચોલી સેવા સમાજના નીચે મુજબના સભ્યોને ત્યાં ગણપતિજી પધાર્યા હતા....

**દોઢ દિવસ માટે....**

શ્રીમતિ ચેતનાબેન અને શ્રી મહેન્દ્ર ચુનીલાલ મિસ્ત્રી

શ્રીમતિ ગીતાબેન અને જતીનભાઇ નગીનદાસ મિસ્ત્રી-ખેતવાડી

શ્રીમતિ ઇલાબેન તથા શ્રી ભૂપેન્દ્ર જમનાદાસ પંચોલી - બાબુલનાથ

શ્રીમતિ વિલાસબેન તથા શ્રી જીતેન્દ્રભાઇ નગીનદાસ મિસ્ત્રી નવજીવન સોસાયટી

શ્રીમતિ જ્યોતિબેન તથા શ્રી મિતેશભાઇ શાંતિલાલ પંચોલી અંધેરી

શ્રીમતિ વંદનાબેન તથા શ્રી મયંકકુમાર ઠાકોરભાઇ મિસ્ત્રી ગોરેગાવ

શ્રીમતિ અપેક્ષાબેન તથા શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી-કાંદિવલી

શ્રીમતિ અનિષાબેન તથા શ્રી અજયકુમાર સોમાભાઇ મહેતા - કાંદિવલી

શ્રીમતિ અનિતાબેન તથા શ્રી દેવાંગકુમાર મહેન્દ્રભાઇ પંચોલી - કાંદિવલી

શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી નંદકુમાર નરોત્તમદાસ મિસ્ત્રી કાંદિવલી

શ્રીમતિ તેજલબેન તથા શ્રી પ્રિતેશકુમાર નંદકુમાર મિસ્ત્રી કાંદિવલી

શ્રીમતિ પ્રતિમાબેન તથા શ્રી જીતેન્દ્રભાઇ ઉત્તમરામ મિસ્ત્રી બોરીવલી

શ્રીમતિ લીનાબેન તથા શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી મીરારોડ

શ્રીમતિ કરીશ્માબેન તથા શ્રી ધવલકુમાર કિશોરભાઇ મિસ્ત્રી કાંદિવલી

શ્રીમતિ નીતાબેન અને શ્રી દિપકભાઇ ચુનીલાલ પંચોલી વસઇ

શ્રીમતિ પલ્લવીબેન તથા શ્રી દિપકભાઇ મણીલાલ પંચોલી શાંતાક્રુઝ - <u>ત્રણ દિવસ માટે...</u>

શ્રીમતિ ભાનુબેન તથા શ્રી ભુપેન્દ્રભાઇ ગણપતરામ મિસ્ત્રી સાંતાક્રુઝ <u>પાંચ દિવસ માટે.</u>

શ્રીમતિ વિદ્યાબેન તથા શ્રી પરેશભાઇ ચંદ્રકાંત પંચોલી શાંતાક્રુઝ - <u>પાંચ દિવસ માટે</u>

શ્રીમતિ સોનલબેન તથા શ્રી સંજયકુમાર જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ <u>દસ દિવસ માટે....</u>

## શ્રી પંચોલી સમાજ વ્દારા

શ્રી પંચોલી સમાજ વ્દારા એકમે પંચોલી વાડીમાં દસ દિવસ માટે ગણપતિજીની સ્થાપના કરવામાં આવી હતી અને દરરોજ વિવિધ પોગ્રામોના આયોજન મરવામાં આવ્યુ હતું અને એમાં સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.....

*Printed Book*

**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 291852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**